PETLAD EDUCATION TRUST MANAGED

# SHRI R. K. PARIKH ARTS AND SCIENCE COLLEGE

(NAAC Accredited "B+" grade)

**(GSIRF:4 Star Rating)**

(Affiliated To Sardar Patel University, V.V. Nagar)

# PROSPECTUS



SHETH SHRI RAMANLAL KESHAVLAL PARIKH
FOUNDER






**Dr. Vimal S. Joshi (Principal)**
Dantali Road, PETLAD - 388 450. Dist. Anand (Gujarat)
Tel./Fax: 91-2697-252396. Mo. : 6354458281
website : www.petladcollege.org.in
email: petladartsandscience@gmail.com


પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ
(Accredited By NAAC: 'B+')
4 STAR (GSIRF:2024-25)
સમાજશાસ્ત્ર વિભાગ
સંચાલિત
શેઠશ્રી રમણલાલ પરીખ સમાજ વિચારમંચ

MAX WEBER



કોલેજ પેટલાદ
તા: 22/8/2024



પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ
સમાજશાસ્ત્ર વિભાગ
MAX WEBER

PHYSICS
SHRI R.K.PARIKH ARTS

LNCT UNIVERSITY BHOPAL
LNCT GROUP OF COLLEGES
BHOPAL

## :: સંસ્થાની રૂપરેખા ::

પ્રાતઃ સ્મરણીય પ.પૂ. સંતરામ મહારાજ અને પ.પૂ. સચ્ચિદાનંદ મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરી રહી છે. આ કોલેજની સ્થાપના ૧૯૪૫ માં પેટલાદના રાજરત્ન દાતાર શેઠ શ્રી રમણલાલ કેશવલાલ પરીખ અને અન્ય સદ્‌ગૃહસ્થોના માતબર દાનથી થઇ હતી. તદ્‌ઉપરાંત, આ કોલેજના ટ્રસ્ટીશ્રીઓ કે જેઓ આધુનિક વિચારધારા અને પ્રગતિશીલ શિક્ષણને વરેલા છે, તેમજ દષ્ટિવંત અને ઉત્સાહી પ્રિન્સિપાલશ્રીના માર્ગદર્શન હેઠળ આજના આધુનિક યુગમાં તે સતત આગળ વધી રહી છે.

આ કોલેજ પેટલાદ રેલ્વે સ્ટેશનથી લગભગ ૨ કિ.મી. ના અંતરે દંતાલી રોડ ઉપર આવેલી છે. આ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સાથે સંલગ્ન છે. અહીં વિજ્ઞાન વિદ્યાશાખામાં વિવિધ વિષયોમાં સ્નાતક કક્ષા તથા વિનયન વિદ્યાશાખામાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસક્રમો ચાલે છે. આ ઉપરાંત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન PGDCA નો અભ્યાસક્રમ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિ. સાથે સંલગ્ન આશરે બાવીસ જેટલા વિવિધ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે.

વિનયન વિદ્યાશાખામાં મેજર વિષયો તરીકે ગુજરાતી, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર, માઈનોર વિષયો તરીકે સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને કોમ્પ્યુટર તેમજ એબિલિટી એન્હાન્સમેન્ટ વિષય તરીકે અંગ્રેજી શીખવવામાં આવે છે. વિજ્ઞાન વિદ્યાશાખામાં મેજર વિષયો તરીકે કેમેસ્ટ્રી, ફિઝિક્સ, માઇક્રોબાયોલોજી અને કોમ્પ્યુટર સાયન્સ, માઈનોર વિષયો તરીકે કેમેસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી, મલ્ટી ડિસિપ્લિનરી વિષયો તરીકે કેમેસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી અને મેથેમેટિક્સ, સ્કિલ એન્હાન્સમેન્ટ વિષય તરીકે એક્સપરીમેન્ટલ સ્કિલ અને એબિલિટી એન્હાન્સમેન્ટ વિષય તરીકે અંગ્રેજી શીખવવામાં આવે છે. વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં વેલ્યુ એડેડ કોર્સ તરીકે ભારતીય જ્ઞાનપરંપરા અંગર્તત આવતા વિષયો શીખવવામાં આવે છે.

### દ્રષ્ટિ (VISION)

- વિવિધ વિદ્યાશાખાઓમાં જ્ઞાન આધારિત સર્વશ્રેષ્ઠ કારકિર્દીલક્ષી શિક્ષણ આપી ઉત્તમ નાગરિકોનું ઘડતર કરવું.

### અભિયાન (MISSION)

- વિદ્યાર્થીઓમાં રસરુચિ જાગૃત કરી, તેમની વ્યાવસાયિક કારકિર્દી સફળ બને તે માટે જરૂરી શૈક્ષણિક યોગ્યતા ઘડવી.
- વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો શૈક્ષણિક તેમજ શિક્ષણાનુષંગિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ સધાય તે માટે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવા કટિબદ્ધ બનવું.
- સ્થાનિક અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખી, સમાજના વિકાસમાં યોગદાન આપવું.
- તમામ Stakeholders જેવા કે વિદ્યાર્થીઓ, વાલીગણ, અધ્યાપકો, વહીવટકર્તાઓ તથા સરકારશ્રીના મંતવ્યો દ્વારા ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારો લાવવો.
- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ કર્મચારીઓ, દાતાશ્રીઓ તથા શુભેચ્છકોના સંસાધન-સમુદાયનું નિર્માણ કરવું.

### ઉદ્દેશો (OBJECTIVES)

- ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપી તેમનો સર્વાંગી વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય અને જીવનના મૂળભૂત મૂલ્યોનું તેમનામાં સિંચન થાય તે માટે મદદરૂપ થવું.
- વિદ્યાર્થીઓ માટે યોગ્ય કારકિર્દીની તકો ઊભી કરી, તેમના ઈચ્છિત ધ્યેયપૂર્તિ માટે મદદરૂપ થવું.
- વિદ્યાર્થીઓના આર્થિક તેમજ સામાજિક દરજ્જાથી પર રહીને જરૂરી તકો અને સગવડો પૂરી પાડવી.
- સમયની જરૂરિયાત મુજબ સ્ટાફની સજ્જતામાં સુધારો કરવો.
- વિદ્યાર્થીઓની યોગ્ય કેળવણી માટે આધુનિક સુવિધાઓ વિકસાવવી.
- વ્યકિત આધારિત નહીં, પરંતુ પદ્ધતિ આધારિત વહીવટી વ્યવસ્થા ગોઠવવી.
- તંદુરસ્ત સમાજના વિકાસ અને સમૃદ્ધિ માટે સહયોગ આપવો.

# વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના અમારા અભિગમ

**અદ્યતન લાયબ્રેરી:**
લાયબ્રેરીમાં વિજ્ઞાન અને વિનયન વિદ્યાશાખાના તમામ વિષયોને લગતાં પુસ્તકો ઉપલબ્ધ છે. તે ઉપરાંત એન્સાઇક્લોપીડિયા, ઈન્ટરનેટ સુવિધા, રેફરન્સ બુક્સ, મેગેઝિન, બુક બેંક, ઈ-બુક રીડર, ગુજરાતી અને અંગ્રેજી દૈનિક પત્રો, N-LIST હેઠળ વિપુલ પ્રમાણમાં e-books અને જર્નલ્સ વર્ગ-૧-૨ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના વિવિધ પ્રકાશનોના પુસ્તકો.

**ઈન્ટરનેટ સુવિધા (નમો વાઈ-ફાઈ કેમ્પસ):**
કોલેજના કોમ્પ્યુટર સેન્ટર તથા તમામ વિભાગોમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે. ગુજરાત સરકારની યોજના અંતર્ગત સમગ્ર કેમ્પસ નમો વાઈફાઈની સુવિધાથી સુસજ્જ છે.

**કોમ્પ્યુટર વિભાગ:**
કોલેજમાં અદ્યતન કોમ્પ્યુટર સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે, જેમાં વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી કોર્સ શીખવવામાં આવે છે. આ ઉપરાંત બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય સેન્ટરમાં જુદા- જુદા સર્ટિફિકેટ કોર્સ, ડિગ્રી કોર્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ઉપલબ્ધ છે.

**સ્કોલરશીપ:**
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરકારી ધારાધોરણ મુજબ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ECB ભાઈઓના વાલીની આવક મર્યાદાને આધારે, સરકારી ધારાધોરણ મુજબ તેઓને ટ્યુશન ફી સરકાર તરફથી મળે છે.

**ડિજીટલ એજ્યુકેશન એન્ડ લર્નિંગ લેબોરેટરી (DELL):**
વૈશ્વિકીકરણ અને જ્ઞાન સમૃદ્ધ સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અંગ્રેજી ભાષા શીખવવા માટે DELL નું નિર્માણ કરવામાં આવ્યું છે. સંપૂર્ણપણે કોમ્પ્યુટરોથી સજ્જ અંગ્રેજી ભાષાની આધુનિક પ્રયોગશાળાનો મુખ્ય અને મહત્ત્વનો ધ્યેય, વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં નિપુણ અને સજ્જ બનાવવાનો છે. ગુજરાત સરકાર અને કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંકળાયેલા SCOPE ની પરીક્ષાનું આયોજન વિદ્યાર્થીની માંગણી અનુસાર કરવામાં આવે છે.

**કેરીયર પ્લેસમેન્ટ સેલ (UDISHA & SSIP):**
આ પ્રોગ્રામ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે કેમ્પસમાં, કેમ્પસ બહાર, નોકરીની તકો ઊભી કરવામાં આવે છે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવા ટ્રેનિંગ અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત સ્પોકન ઈંગ્લિશ, કોમ્પ્યુટર બેઝ્ડ એકાઉન્ટીંગ, લશ્કરી (પોલીસ) ભરતીની પરીક્ષાની તાલીમ, સ્કેટીંગ, પેઈન્ટીંગ, વેસ્ટ ટુ બેસ્ટ, મહેંદી, બ્યુટી પાર્લરની તાલીમને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

**એન.સી.સી. (N.C.C.):**
એન.સી.સી. (N.C.C.) ની બી. અને સી. સર્ટિફીકેટની પરીક્ષા આપવા માટે તાલીમ આપવામાં આવે છે. વિવિધ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

**એન. એસ. એસ. (N.S.S.):**
રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાઈને સામાજિક ઉત્થાન યજ્ઞમાં ભાગીદાર બની વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની તકો ઊભી કરવામાં આવે છે. એન.એસ.એસ. દ્વારા વિવિધ શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

**ઈન્ડસ્ટ્રીઝ ઈન્ટરફેસ સેલ (I.I.C.):** કોલેજના વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમ્યાન ગુજરાત તથા અન્ય રાજ્યોમાં આવેલ વિવિધ ઉદ્યોગગૃહોની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવે છે. રાજભવન, વિધાનસભા, સરકારશ્રીની જુદી-જુદી કચેરીઓ, વિવિધ રીસોર્ટ તથા વેપારમેળાઓની વિઝિટ કરાવવામાં આવે છે.

**ઉત્થાન - કોલેજ મેગેઝીન:**
કોલેજના વિદ્યાર્થીઓમાં લેખન-કૌશલ્યનો વિકાસ થાય તેમજ તેઓ કોલેજની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થાય તે માટે ''ઉત્થાન'' નામનું ત્રિમાસિક પ્રકાશિત કરવામાં આવે છે.

**અન્ય સવલતો:**
કોલેજ કેમ્પસમાં સ્ટેશનરી સ્ટોર-જેમાં અભ્યાસ માટે જરૂરી તમામ પ્રકારની સ્ટેશનરી વાજબી ભાવે ઉપલબ્ધ છે. ઝેરોક્ષની સુવિધા પણ ઉપલબ્ધ છે. ● વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત સરકાર દ્વારા ટ્યુશન ફી માફ છે તથા અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી સ્કોલરશીપની સુવિધા. ● મલ્ટીમીડિયા પદ્ધતિથી ટીચીંગ, પ્રોજેક્ટ વર્ક, સેમિનાર, શૈક્ષણિક પ્રવાસો, ઈન્ડસ્ટ્રીયલ ટુર, યુથ ફેસ્ટિવલના સમાયાંતરે આયોજન. ● કોલેજ કેમ્પસમાં કેન્ટીનની સુવિધા તથા CCTV અને Namo WiFi સુવિધાઓથી સજ્જ કોલેજ કેમ્પસ, ફિનિશિંગ સ્કૂલની તાલીમ.

## વિદ્યાર્થીઓને અગ્રેસર બનાવવા માટેના અમારા પ્રયત્નો જેવા કે...




- વર્ગખંડમાં મલ્ટીમીડિયાથી અસરકારક કેળવણી
- વિદ્યાર્થીઓમાં ફરજિયાત સેમિનાર-પ્રેઝન્ટેશન દ્વારા આત્મવિશ્વાસનું સિંચન
- તજ્જ્ઞ અને અનુભવી અધ્યાપકો દ્વારા શિક્ષણ
- સમયાંતરે જે તે વિષયના વિશિષ્ટ મહાનુભાવોના વ્યાખ્યાનોનું આયોજન
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. ના CCC ના અભ્યાસક્રમો કોલેજમાં ઉપલબ્ધ
- વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે અભ્યાસક્રમના તમામ પુસ્તકોના સેટ ઉપલબ્ધ
- પ્રોજેક્ટ વર્ક, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ, શૈક્ષણિક પ્રવાસોનું આયોજન
- સરકારી યોજનાઓ હેઠળ મળતી તમામ શિષ્યવૃત્તિઓનો વિદ્યાર્થીઓને લાભ

## ખેલકૂદનો હકારાત્મક અભિગમ



- સંસ્થા પાસે વિશાળ મેદાન ઉપલબ્ધ છે. જેમાં તમામ પ્રકારની આઉટડોર ગેમ્સની સુવિધાઓ ઉપલબ્ધ
- મહત્ત્વની તમામ ઈન્ડોર ગેમ્સ જેવી કે ટેબલ ટેનીસ, ચેસ, વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ માટેના અદ્યતન સાધનો અને જીમની સુવિધા ઉપલબ્ધ
- શ્રેષ્ઠ બોક્સીંગ રીંગ તથા સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે કોલેજના વિદ્યાર્થીઓનો ગૌરવપૂર્ણ ઈતિહાસ

## સપ્તધારાની પ્રવૃત્તિઓ

*અભ્યાસની સાથોસાથ વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે સપ્તધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.*

### જ્ઞાનધારા

ક્વિઝ - વક્તૃત્વ સ્પર્ધા - ચર્ચા સ્પર્ધા - શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા
કાવ્ય પઠન - પાદ પૂર્તિ - નિબંધ સ્પર્ધા - લઘુવાર્તા લેખન
વાંચે ગુજરાત

### નાટ્યધારા

એકાંકી નાટક - લઘુ નાટિકા - મિમિક્રી
એકપાત્રિય અભિનય - મૂક અભિનય

### ગીત, સંગીત, નૃત્યધારા

શાસ્ત્રીય કંઠ્ય સંગીત - હળવું કંઠ્ય સંગીત - પાશ્ચાત્ય સંગીત
શાસ્ત્રીય વાદ્ય સંગીત - સમૂહ ગાન - લોક નૃત્ય - શાસ્ત્રીય નૃત્ય
શાસ્ત્રીય તાલવાદ્ય સંગીત - પાશ્ચાત્ય નૃત્ય

### સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા

કોલાજ - કાર્ટૂનિંગ - ફોટોગ્રાફી
ભીંતચિત્રો - કલે મોડેલિંગ

### રંગકલા, કૌશલ્યધારા

ઓન ધી સ્પોટ પેઈન્ટીંગ - રંગોળી હરીફાઈ
મહેંદી હરીફાઈ - ટેટૂ મેકિંગ

### વ્યાયામ, યોગ, ખેલકૂદધારા

તમામ ઈન્ડોર/આઉટડોર રમત - એથલેટિક્સ

GET INVOLVED

### સામુદાયિક સેવાધારા

એન.સી.સી. - એન. એસ.એસ.
અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ

ignite your potential

## એડમિશન માટે જરૂરી વિગતો :

કોલેજમાં આર્ટ્સ કે સાયન્સ વિભાગમાં અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ Gujarat Common Admission Service (GCAS) પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરવા તથા એડમિશન સંબંધિત વધુ માહિતી માટે કોલેજના હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવો. (ટેલીફોન : નં. 91-2697-252396, Mo. 6354458281)

## વિષય ગ્રુપની પસંદગી

### B. Sc. Semester - 1 (NEP)

| Major Course | Minor Course | Multi/Inter Disciplinary | Skill Enhancement Course | Ability Enhancement Course | Value Added Course / Indian Knowledge System (Any One) |
|---|---|---|---|---|---|
| Chemistry<br>Physics<br>Microbiology<br>Compu. Sci. | Chemistry<br>Physics<br>Botany | Chemistry<br>Physics<br>Botany<br>Mathematics | Experimental Skills | Functional English | Indian Knowledge System (Sem-I)<br>Ayurveda<br>Sem-II<br>Environment Study |

### B. A. Semester - 1 (NEP)

| Major Course | Minor Course | Multi/Inter Disciplinary | Skill Enhancement Course | Ability Enhancement Course | Value Added Course / Indian Knowledge System (Any One) |
|---|---|---|---|---|---|
| Economics<br>Sociology<br>Gujarati | Psychology<br>Sanskrit<br>Computer Application | Psychology<br>Sanskrit<br>Computer Application | Psychology<br>Sanskrit<br>Computer Application | General English | Ayurveda |


| | Major Courses |
|---|---|
| M.A. | Sociology |
| | Gujarati |
| | Economics |

**કોલેજનો સમય:૧૧ : ૦૦ થી ૫ : ૦૦**

### For More details & Student counseling Please contact....

**Head of the Departments :**

Prof. K R. Trivedi (Physics)
Dr. R. T. Jasrai (Chemistry)
Prof. B. D. Joshi (Microbiology)
Dr. S. D. Shukla (Mathematics)
Dr. K. B. Anjaria (Biology)
Dr. K. R. Vankar (Gujarati)
Dr. A. R. Prajapati (Sociology)
Dr. A. N. Patel (Economics)
Dr. U. H. Vyas (Computer)
Dr. M. B. Vaghela (Sanskrit)
Dr. S. G. Gajjar (Psychology)



# Shri R. K. Parikh Arts and Science College, Petlad.
# To Performer in Sardar Patel Uni. Exam - 2023-24

| Sr. No. | Name | Subject | Class | Uni. Rank |
|---|---|---|---|---|
| 1 | Keyaben Dushyantbhai Makwana | Microbiology | B.Sc. Sem-6 | 1 |
| 2 | Mahejabinbanu Mahemudsha Diwan | Gujarati | B.A. Sem-6 | 3 |
| 3 | Dipeekaben Rameshbhai Rajput | Sociology | B.A. Sem-6 | 6 |
| 4 | Krishnaben Rajeshbhai Gohel | Economics | B.A. Sem-6 | 5 |
| 5 | Kinjalben Ishwarbhai Thakor | Gujarati | M.A. Sem-6 | 2 |
| 6 | Astha Vimalkumar Ka. Patel | Com. Science | B.Sc. Sem-6 | 4 |
| 7 | Ankitkumar Rajeshbhai Talpada | Com. Science | B.Sc. Sem-6 | 5 |
| 8 | Mohammad Naveedraza Irfanali Saiyed | Com. Science | B.Sc. Sem-6 | 6 |
| 9 | Pragneshkumar Rajeshbhai Patel | Com. Science | B.Sc. Sem-6 | 7 |
| 10 | Mahenoorbanu Pirsabmiya Shaikh | Com. Science | B.Sc. Sem-6 | 9 |





































# PETLAD EDUCATION TRUST MANAGED

# SHRI R. K. PARIKH ARTS AND SCIENCE COLLEGE